મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં નવનિર્મિત બગીચાઓમાં કચરાના ઢગલા

પાનખરના કારણે જે કચરો થયો છે એ હજી સાફ થયો નથી : પીવાના પાણીના નવા નળ બે વર્ષથી બંધ હાલતમાં, મનપા તંત્ર કયારે જાગશે?

ગાંધીનગર, તા.૨૬ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલા બગીચાઓમાં કચરાની સાફ સફાઈ ન થતા ઠેર ઠેર કચરો જોવા મળી રહ્યો છે. તેમાં પણ બગીચાઓમાં વૃક્ષોની હયાતીના કારણે વૃક્ષોના પાંદડા ખરવાના કારણે કચરો જોવા મળે છે. પરંતુ પાનખર ગયા પછી પણ હાલમાં સાફસફાઈ ન થવાથી કચરો જોવા મળી રહ્યો છે.

પાનખરમાં સફાઈ કામદારો પણ કચરો સાફ કરવામાં નિષ્ફળ ગયા હતા કારણે કે ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા એટલી છે કે પાંદડા ખરવાથી માર્ગો પર કે અન્ય વિસ્તારમાં પાંદડા જ પાંદડા પથરાઈ ગયા હતા. એક દિવસ સાફ કરવામાં આવે તો બીજા દિવસે તે જ પરિસ્થિતિ જોવા મળતી. જયારે હાલમાં કોઈ પાનખર નથી તેમ છતાં પાંદડાઓથી બગીચાઓમાં કચરો ફેલાયેલો જોવા મળી રહ્યો છે. શહેરમાં ગાંધીનગર મનપાના સફાઈ કર્મચારીઓ રોજબરોજ સફાઈ કરતા નજરે પડે છે તેમ છતાં કચરાના દૃશ્યો જોવા મળે છે.

ગાંધીનગર મનપા દ્વારા તૈયાર કરાયેલા બગીચાઓ ખૂબ સુંદર છે પરંતુ બગીચાની સુંદરતામાં ઘટાડો કરતા આ દૃશ્યો ઘણું બધું કહી જાય છે. બગીચામાં અવર જવર કરતા નાગરિકો પણ જયાં ત્યાં કચરો ફેંકી દેતા ગંદકી જોવા મળી રહી છે. દરેક બગીચામાં કચરા પેટીના ડબ્બાઓની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં અમુક નાગરિકો તેનો યોગ્ય ઉપયોગ નથી કરી રહ્યા. ગાંધીનગરને સ્વચ્છતામાં અગ્રેસર લાવવા માટે દરેક નાગરિકની પણ જવાબદારી છે.

હવે, ચોમાસાની મોસમ આવી રહી છે ત્યારે આ કચરાના કારણે વધારે ગંદકી ફેલાય તે પહેલા મનપા તંત્ર દ્વારા યોગ્ય રીતે સાફ સફાઈ હાથ ધરાવવી જોઈએ. આ ઉપરાંત બે વર્ષથી અમુક બગીચાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે અલગ કેબીન મુકવામાં આવ્યા છે જેમાં હજી સુધી નળ બેસાડવામાં આવ્યા નથી. માત્ર તે શોભાના ગાંઠીયાની જેમ ધૂળ ખાઈ રહ્યા છે. તંત્ર કયારે સંપૂર્ણ સુવિધા યુકત બગીચા બનાવી શકશે તે પણ પ્રશ્ન છે. મનપાના જવાબદાર અધિકારીઓ ચોમાસા પહેલા આ સાફસફાઈ કરાવશે તો ગંદકી ફેલાવાના દૃશ્યો ઓછા થશે. બગીચાઓની સુંદરતા સ્વચ્છતાથી આંકી શકાય છે જો સ્વચ્છતા જ નહી જળવાય તો સુંદરતાનો નજારો નકામો છે. ગાંધીનગરમાંથી કચરાના ઢગલે ઢગલા એકત્રીત થઈ રહ્યા છે જે કચરાવાનમાં જોવા મળે જ છે તેમ છતાં કચરાનું પ્રમાણ ઓછુ થઈ રહ્યું નથી. દરેક બગીચાઓમાં કચરાપેટી હોવા છતાં ગંદકીના દૃશ્યો શા માટે વર્તાય છે? સ્વચ્છતા જાળવવા માટેના નોટિસ બોર્ડ પણ મૂકવામાં આવે છે તેમ છતાં બગીચાઓમાં કચરો યથાવત જ છે. કચરો સાફ કરનારા કર્મચારીઓ દ્વારા યોગ્ય રીતે સાફસફાઈ ન થવાના કારણે બગીચાઓમાં કચરાના ઢગલા જોવા મળે છે. ગાંધીનગરમાં રજાના દિવસોમાં બહારગામથી પણ પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય છે. જેઓ આ કચરાના ઢગમાં પણ પોતાની ફોટોગ્રાફી અને સેલ્ફીમાં કેદ કરીને અપલોડ કરતા હશે.

જન્મદિને વધામણી

અર્શ આસીફ શેખ
મો. ૭૩૫૯૩ ૮૩૬૫૪

વિરપાલસિંહ વનરાજસિંહ રાણા
મો. ૮૯૮૦૭ ૫૧૫૩૦

ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩

મોક્ષ દત્તેષભાઈ ભટ્ટ
મો. ૭૫૭૨૮ ૫૨૮૨૭

વેન્શી રાકેશભાઈ પારેખ
મો. ૯૦૯૯૨ ૮૨૫૫૬

ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં લેમ્પ લાઈટીંગ અને ઓથ સેરેમની કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં બેઝીક બીએસસી નર્સિંગ અને જી.એન.એમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો કોલેજ કેમ્પસમાં શનિવારના રોજ લેમ્પ લાઈટીંગ અને ઓથ સેરેમની સમારોહ યોજાયો હતો. જેમાં સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. જેમાં મુખ્ય મહેમાન મેયર હિતેશભાઈ મકવાણા (ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન) અને ખાસ મહેમાન તરીકે ડૉ. અચલ પટેલ, ડૉ. મૌલિટા કાપડિયા (એસ.એમ.વી.એસ. હોસ્પિટલ, ગાંધીનગર) તેમજ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શેઠ હરિભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ મણિભાઈ ચૌધરી, જનરલ સેક્રેટરી માધુભાઈ ચૌધરી તથા અન્ય ટ્રસ્ટી કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી તથા ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના પ્રિન્સીપાલ ડૉ. મયુક જૈન અને ફેકલ્ટી મેમ્બર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલમાં સેનેટાઈઝરનું વિતરણ

ગાંધીનગર, તા.૨૬

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ સેકટર-૧૫ ખાતે સેનેટાઈઝર વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ પોતાની તંદુરસ્તી પ્રત્યે જાગૃતતા કેળવે તેવા હેતુથી શાળાના તમામ વિદ્યાર્થીઓને શાળા તરફથી સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આયોજનમાં સહકાર આપવા બદલ શાળાના ટ્રસ્ટી જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા પ્રકાશભાઈ વાઘેલાએ શાળા પરિવારનો આભાર પ્રગટ કર્યો હતો.

ગ-૨ નજીક અધુરાં કામને પગલે અકસ્માતનું જોખમ

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં વરસાદી ઋતુનો પ્રારંભ થઈ રહ્યો છે, દર વર્ષે વહીવટીતંત્ર દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીના મોટા મોટા દાવા કરવામાં આવે છે પરંતુ ચોમાસું બેસતાં જ શહેરીજનો માટે પરેશાનીઓ પણ વરસવાનું શરૂ થઈ જાય છે. અત્યારે શહેરમાં ઠેર ઠેર પાણી-ગટર લાઈન અને રસ્તા પહોળા કરવાના કાર્યો અંતર્ગત કરાયેલાં ખોદકામને પગલે ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે જેમાં અપૂરતા માટી પુરાને પગલે ભીતિ ?અત્યારથી શહેરીજનોને સતાવી રહી જ છે. અધુરામાં પુરુ હોય એમ શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનના કરાયેલાં નવીનીકરણનું કાર્ય પણ કેટલેક ઠેકાણે હજુ અધુરું જોવા મળી રહ્યું છે. શહેરના ગ-૨ સર્કલ પાસે જે ફૂટપાથ અને વરસાદી પાણી માટે બની રહેલ લાઈનનું કાર્ય અધુરુ હોવાને પગલે અહીં અકસ્માત સર્જાય તેવું જોખમ જણાઈ રહ્યું છે. જે લાઈનનું કામ પત્યું છે તેના પર તિરાડો જોવા મળી રહી છે. આ ઉપરાંત ગ-૨ સર્કલ નજીક કરવામાં આવેલા ખાડાઓને કારણે પણ અકસ્માતનું જોખમ ખડું થયું છે. વળી, ગ-૨ સર્કલ પાસે ખાણીપીણીની લારીઓ અને રોડ પર જ વાહનોના આડેધડ કરાતાં પાર્કિંગને લીધે વધુ હાલત કફોડી બને છે. આ સમસ્યાનો નિકાલ વહિવટી તંત્રને 'સમય' મળશે અને 'મુડ' આવશે તે ઉપરાંત 'મજૂરો' મળશે ત્યારે કરશે પરંતુ ત્યાં સુધી તો આ વિસ્તારના રાહદારીઓ જેમાં ખાસ કરીને બાળકો અને વડીલોએ તેમજ અહીંથી પસાર થતાં વાહનચાલકોએ વરસાદી ઋતુમાં સંભાળીને પસાર થવું સલાહભર્યું રહેશે.

માત્ર મોટા પ્લોટ્સ ધરાવતા વીઆઈપી સેક્ટર-૧માં સમસ્યાઓ પણ મોટી..!!

સે-૧માં બિસ્માર રોડ રસ્તાં અને જાહેર સાફસફાઈમાં બેદરકારીથી માંડીને ગેરકાયદેસર દબાણોની સમસ્યા મુખ્ય રખડતાં ઢોર અને વાંદરા-કૂતરાંના ત્રાસથી પરેશાન સેક્ટરવાસીઓની સહિયારી પ્રવૃતિઓ પ્રસંશનીય છે

ગાંધીનગર, તા.૨૬

પાટનગર ગાંધીનગરના નિર્માણમાં ચંદીગઢની થીમ આધારિત તૈયાર કરાયેલી ૩૦ સેક્ટરની ડિઝાઈનમાં 'જ' માર્ગના વળાંકને પગલે એકમાત્ર ત્રિકોણની ડિઝાઈન ધરાવતું સેક્ટર એટલે પહેલા નંબરનું સેક્ટર-૧, જેનો વિકાસ બીજા તબક્કામાં નવા સેક્ટર તરીકે કરાયો છે. સેક્ટર-૧ અન્ય સેક્ટરોના પ્રમાણમાં ખૂબ નાનું છે અને સેક્ટરમાં એક પણ સરકારી આવાસ નથી પરંતુ ખાનગી પ્લોટ પણ કુલ મળીને ૭૦૯ છે જેમાં કોઈ પ્લોટ ૧૩૫ ચો.મી.થી નાનો નથી જેમાં ૧૩૫ ચોમીના ૨૭૬, ૨૦૦ચોમીના ૪૮, ૨૫૦ચોમીના ૧૦૨ અને ૩૩૦ ચોમીના ૨૮૩ પ્લોટ છે. વિશાળ સાઈઝના પ્લોટ્સ સાથે સેક્ટરમાં વિકસાવયેલું તળાવ અને અન્ય ખુલ્લી જગ્યાઓને કારણે એક તરફથી ખુલ્લું ખુલ્લું લાગતાં આ સેક્ટર વીઆઈપી સેક્ટરો પૈકીનું એક ગણાય છે અને કેટલાંક તેને 'માલેતુજારો'નું સેક્ટર પણ કહે છે, જોકે તેમ છતાં આ સેક્ટરમાં સમસ્યાઓ કાંઇ ઓછી નથી પરંતુ એકંદરે સુખી સેક્ટરનો અનુભવ જરૂર આપે છે.

આ સેક્ટર શહેરમાં આધ્યાત્મિકતા માટે મહત્વનું સ્થાન બન્યું છે. અહીં સમદર્શન આશ્રમમાં પૂ.ગુરૂમા સમાનંદ સરસ્વતીજીનું સાનિધ્ય છે, તેની સામે જ અય્યપ્પા મંદિર છે અને શિવભકતોની પસંદગીનું મહાકાલેશ્વર મંદિર છે જેની સાથે સેક્ટરમાં અનેક વૈદિક પ્રવૃતિઓના કેન્દ્ર સમું ગાયત્રી મંદિર સેક્ટરની ઓળખ બની ચુક્યાં છે. ગાયત્રી મંદિરે વર્ષોથી રવિવાર સિવાયના સપ્તાહના છ દિવસ યોગ તથા વેલનેસ કોચ અશ્વિનભાઈ દવે દ્વારા ચલાવાતાં નિરંતર યોગ વર્ગો અને સેક્ટરમાં ઉત્સવ સમિતિ થકી સેક્ટરવાસીઓ દ્વારા એક સાથે મળીને એક જ સ્થળે નવરાત્રી, હોલિકા દહન સહિતના ઉજવાતા સહિયારા ઉત્સવો સેક્ટરમાં સકારાત્મકતા પ્રસરાવે છે. આ સમિતિ દ્વારા કોરોના મહામારીના સમયમાં યજ્ઞયાત્રા અને રોજના ૨૦ હજાર વ્યક્તિઓ માટે કરાતાં ઉકાળા વિતરણ સહિત કોરોના મૃતકોને શ્રદ્ધાંજલી માટે યોજાયેલાં સામુહિક શાંતિ યજ્ઞ જેવી પ્રવૃતિઓ ઉપરાંત સેકટરમાં મોટાપાયે

મારું સેક્ટર મારી સમસ્યા
સમીર રામી

વૃક્ષારોપણ કરીને તેના જતન માટે ટ્રીગાર્ડથી માંડીને માળી અને પાણીના ટેકરની નિયમિત વ્યવસ્થા ગોઠવીને આશરે ૯૦ ટકા જેટલાં વાવેતરને એક વર્ષ પછી પણ જીવંત રાખીને ઉછેરવાનું પ્રસંશનીય કાર્ય કરાયું છે. આવા સેક્ટરમાં રહેતા અગ્રણી વસાહતી મહેન્દ્રભાઈ ત્રિવેદીના જણાવ્યાં અનુસાર સે.૧સી સહિતના કેટલાક ભાગોમાં પાણીના ફોર્સની સમસ્યા છે, ખાસ કરીને ઉનાળાના સમયમાં મોટા ભાગના વિસ્તારોમાં પાણીનો ફોર્સ ઘટી જવા પામે છે. સે.૧સીમાં રોડ રસ્તાની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે જેનું સત્વરે રીકાર્પેટીંગ કરવું જરૂરી બન્યું છે. સેક્ટરમાં જાહેર સાફસફાઈ બાબતે પણ ઘણી બેદરકારી જોવા મળે છે, સાતત્યપૂર્ણ રીતે સાફ સફાઈ થતી નથી.

સેક્ટરના વરસાદી પાણી સહિતના નિકાલ માટે બનાવયેલી સેક્ટર વચ્ચેથી પસાર થતી કાંસના બ્યુટિફિકેશનનું કાર્ય ભુલાવી દેવાયું છે જેના કારણે કાંસમાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓ જેવાં દબાણો વધી ગયાં છે જેના દબાણકર્તાઓના પરિવારોની જાહેરમાં સ્નાનાદિ અને શૌચક્રિયા સહિતની પ્રવૃત્તિઓને કારણે ગંદકી અને દુર્ગંધથી આસપાસના વસાહતીઓ પરેશાની ભોગવી રહ્યાં છે. સત્વરે આ દબાણો દૂર કરીને કાંસ તેમજ તેના છેડે બનવાયેલ ચેકડેમનું બ્યુટિફિકેશનનું કાર્ય હાથ ધરવું નથી પરંતુ તે એક પિકનિક પોઈન્ટ બની ગયો છે જયાં શનિ-રવિ સહિતની જાહેર રજાઓમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહેલાણીઓના કારણે તળાવની આસપાસ વાહનોના ખડકલાં થાય છે જેના કારણે ઘણીવાર ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે અને ઝડપથી સાફ કરાતો નથી જે ગંદકી પછી આસપાસના વિસ્તારમાં પ્રસરે છે. સેક્ટરમાં રહેતાં ધિરેન આચાર્ય નામના વસાહતીના જણાવ્યાં અનુસાર સેકટરમાં રખડતાં ઢોરની સમસ્યા છે જેમાં સેક્ટરમાં ગેરકાયદેસર રીતે રહેતાં દબાણો કરીને રહેતાં પશુપાલકોના કારણે સર્જાય છે જેઓ ઢોર પકડવા આવતી ટીમથી ઢોરને બચાવવા પશુઓને ભગાવે છે, આવા જ એક કિસ્સામાં તેમની મોઘી કારને નુકસાન પણ થવા પામ્યું હતું. આ ઉપરાતં કેટલાંક ઈસમો દ્વારા શેરીના રખડતાં કૂતરાંઓને દૂધ પીવડાવીને ઉછેરવાને કારણે બાળકો સહિત વસાહતીઓ માટે ભારે પરેશાની સર્જે છે.



●●●

સે.૧સી સહિતના કેટલાક ભાગોમાં ખાસ કરીને ઉનાળાના સમયમાં પાણીનો ફોર્સ ઘટી જવા પામે છે. સે.૧સીમાં રોડ રસ્તાની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. સેક્ટરમાં સાતત્યપૂર્ણ રીતે સાફ સફાઈ થતી નથી. સેક્ટર વચ્ચેથી પસાર થતી કાંસના બ્યુટિફિકેશનનું કાર્ય ભુલાવી દેવાયું છે જેના કારણે કાંસમાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓ જેવાં દબાણો વધી ગયાં છે સત્વરે આ દબાણો દૂર કરીને કાંસ તેમજ તેના છેડે બનવાયેલ ચેકડેમનું બ્યુટિફિકેશનનું કાર્ય હાથ ધરવું જોઈએ.

- મહેન્દ્રભાઇ ત્રિવેદી
પૂર્વ ગૃહરાજય મંત્રી અને અગ્રણી વસાહતી

●●●

સેકટર-મેપ તથા પ્લોટ નંબરના અનેક દિશાસૂચક બોર્ડ્સ તુટી ગયાં છે. સેક્ટરના રસ્તાઓ પણ બિસ્માર બન્યાં છે જેના કારણે આગામી ચોમાસાના સમયમાં મુશ્કેલી સર્જાઈ શકે તેમ છે જેથી સત્વરે રોડ કાર્પેટીંગનું કામ હાથ ધરવું અત્યંત જરૂરી બન્યું છે. સેક્ટરમાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટી વધી જવા પામી છે. છેવાડાંનું સેક્ટર હોવાથી અમુક વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કિંગની સમસ્યા પણ અનુભવાઈ રહી છે.

- જે. એલ. રાણા
નિવૃત્ત પોલીસ અધિકારી તથા અગ્રણી વસાહતી

●●●

સે-૧ને બીજા સેક્ટરનો પીન કોડ વાપરવો પડે છે, એટલે અહીં પોસ્ટ ઓફિસ નથી, બેંક નથી, કોઈપણ બેંકનાં એ.ટી.એ.મ. નથી, પ્રાઈવેટ શોપિંગ છે પરંતુ તેમાં સરકારી 'સ્ટે' છે. ચીપ ટાઈપ શોપિંગની દુકાનો જીવનજરુરીયાત વસ્તુઓ માટે ખૂબજ નાની છે. સેક્ટરમાં અવારનવાર બનતા ગુનાની સામે પોલીસ ચોકીની સુવિધા નથી તેમજ સેક્ટરમાં કુતરાં-વાંદરા વગેરેનો ત્રાસ પણ વધુ છે

- પૂર્વી કિરીટ પાઠક, અગ્રણી વસાહતી

જોઈએ. સે.૧નું તળાવ પાણીથી ભરવાનું કાર્ય તો પાર પડી શક્યું સહિતના આસપાસના વિસ્તારોમાંથી ઉમટી પડતાં

(અનુસંધાન પાના નં. ૭ પર)

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૮ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૬

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૮ ગાંધીનગર ખાતે તારીખ ૨૫/૬/૨૨ના રોજ શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર મ્યુનિ. કમિ. ડૉ. ધવલ પટેલ, આઈઆઈટીના વાઈસ ચાન્સેલર

ડૉ. હરેશભાઈ પટેલ, કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ, ચિલ્ડ્રન યુનિ.ના ડૉ. પ્રકાશ અને ડૉ. જલ્પા બેન, ઉદગમ ચેરી. ટ્રસ્ટના મનોજભાઈ જોશી, પરમજીત કૌર છાબડા, વાલીગણ તથા એસએમસીના સભ્યો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશોત્સવ બાદ શાળાના પટાંગણમાં મહેમાનોના હાથે વૃક્ષારોપણ કરાયું હતું. ત્યારબાદ સ્કૂલના બાળકોની પીક અપ વાનને મ્યુનિ. કમિ. ડૉ. ધવલ પટેલના હસ્તે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર ચંચીબેન બાલુસિંહ**, ઉ.વ. ૭૮, શિહોલી મોટી
- **સ્વ. ચાવડા જૈનીલસિંહ શૈલેન્દ્રસિંહ**, ઉ.વ. ૨૨, સેક્ટર-૧૬
- **સ્વ. પ્રજાપતિ વકતુબેન ચેલાજી**, ઉ.વ. ૭૫, સે-૨૪